Second "	"	"	"	£60—15—0
Third "	"	"	"	£31—10—0

For further particulars apply to—

Shaik Himed & Sons (Pty.,) Ltd.

390 Pine Street, — Durban.

Telephone 20432, Tel. Add. "KARAMAT."

THE

QUEENSLAND INSURANCE

COMPANY LIMITED.

(INCORPORATED IN 1886 IN NEW SOUTH WALES)

TRANSACTS ALL CLASSES OF INSURANCE

Fire - Marine - Accident

Consult:

MISS TEHMI SORABJEE RUSTOMJEE

SPECIAL INDIAN REPRESENTATIVE

106 MANSFIELD ROAD, - - - DURBAN.

P. O. Box 476. - - TELEPHONES 47453 & 47888.

Printed and published by Mrs Sushila Gandhi at the International Printing Press (Phoenix), Private Bag, Durban, Natal.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

No. 39—Vol.-LVI.
Friday,
10th October, 1958
Registered at the G.P.O. as a Newspaper
Price 4d.

INDIAN OPINION
ઈન્ડિયન
ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.
ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણીલાલ ગાંધી

*
આપણી અને પરમાત્માની વચ્ચે જે કોઈ અંતરાય હોય, તો તે આપણા પોતાના અહંકારનો છે.
—બ્રહ્મચારી વિષ્ણુ પ્રકાશજી.
*

પુસ્તક ૫૬ મું—અંક ૩૯ | તા. ૧૦ ઓક્ટોબર, ૧૯૫૮. | છુટક નકલ પૈ. ૪

ટ્રાંસવાલમાં ગ્રૂપ એરીયાઝથી ગોરા વેપારીઓને થતું નુકશાન

"સન્ડે એકસપ્રેસ"ના ખબર પત્રી, રેગ રૂડોલ્ફ એક લેખમાં લખે છે કે, ટ્રાંસવાલમાં હાલ ગ્રૂપ એરીયાઝની કામ બંધ પડી ગયું છે, અને સરકાર પોતાની ગુંચવણમાંથી નીકળવાનો રસ્તો સોધી રહી છે.

નેહાનીસબર્ગના એક ગોરા વેપારીએ રેગ રૂડોલ્ફને કહ્યું હતું કે, સરકાર સામે જે કોયડો આજે ઉભો થયો છે તે એકજ વસ્તુને લીધે છે. આજે હીંદી રીટેલ વેપારીઓ, ગોરા હોલસેલ વેપારીઓના લગભગ ૫૦ ટકા ખરીદનાર છે. જો આ બધાં હીંદી વેપારીઓને એક સામટા યુરોપીયન લત્તામાંથી કાઢી નાખવામાં આવે, અને એમને હીંદી લત્તામાં મુકવામાં આવે જ્યાં એમને પોતાના લોકો માંજ વેપાર કરવો પડશે તો એમની આવક સાવ બંધ થઈ જશે. આજે લગભગ ૯૦ ટકા હીંદી વેપારીઓ ગોરા લત્તાઓમાં છે.

આનો અર્થ એવો થશે કે, હીંદી વેપારીઓ ગોરા હોલસેલરઝ સાથે પોતાનો વેપાર બંધ કરી દેશે, અને ગોરા હોલસેલરઝની વાર્ષીક આવક હજારો પાઉંડ ઘટી જશે. મોટા ગોરા વેપારીઓ માટે આવું નુકશાન ઘણું વધારે પડતું કહેવાય અને નાના વેપારીઓને તો કદાચ પોતાનો વેપાર બંધ કરવો પડે. આને પરિણામે ઘણા ગોરા કામ ગારોની નોકરીઓ પણ જશે, અને બધા ક્ષેત્રમાં તેની અસર જણાશે. દક્ષિણ આફ્રિકા ની આર્થીક સ્થીતીમાં પણ બહુ જ નુકશાન પહોંચવાનો સંભવ છે. આ બધું સરકારના ધ્યાન માં આવ્યું છે. હાલ થોડા જ હીંદી લત્તાઓને ગોરાઓ માટે નકી કરવવામાં આવ્યા છે, અને નેહાનીસબર્ગમાં ઘણા જ ઓછા ભાગોને જાહેર કરવામાં આવ્યા છે, અને જ્યાં ગ્રૂપ એરીયાઝનું જાહેરનામું લાગુ પડે છે ત્યાંના હીંદી વેપારીઓને એવી જગ્યાઓમાં થોડાક વખત રહેવાની પરમીટો આપવામાં આવી છે. કદાચ આ પરમીટો વધુ લાંબા સમય માટે મળે પણ આ વસ્તુ પણ કાયમ નહીં રખાય કારણ કે તેને લીધે વેપારમાં નુકશાન પહોંચે છે. આજે જે પરમીટો આપવામાં આવે છે તે ટુંકી મુદત માટે જ હોય છે, અને એને લઈ ને, ગોરા હોલસેલ વેપારીઓ, ઉધાર માલ આપતાં અંકોચાય છે. તેઓ એજ બીકમાં રહે છે કે ગમે ત્યારે એમનાં હીંદ ઘરાકો, ગ્રૂપ એરીયાઝના કાયદાને અંગે પાયમાલ થઈ જશે. આ જોતા આ બધી ચીજો બહુજ અરચાલ છે, અને લાંબો વખત રહી શકે એમ નથી.

બીન હોલસેલરનુ પણ કહેવું છે કે હોલસેલ વેપારીઓ, સૌથી પહેલા નુકશાનમાં આવશે, પણ ધીમે ધીમે; બધા જ ગોરા વેપારીઓને અને રીટેલરસને નુકશાન પહોંસશે. એનું કહેવું છે કે હીંદીઓ બહુજ હુશીયાર વેપારીઓ છે, અને પોતાના લત્તા માં ધીમે ધીમે પોતાનો વેપાર જમાવશે. કદાચ એમના ઓછા ભાવોને અંગે ગરીબ ગોરા વર્ગ પણ, એમની પાસે જતો થશે.

એક વકીલનું કહેવું છે કે ગ્રૂપ એરીયાઝના કાયદામાં, વેપારી લત્તામાં અને રહેવાના લત્તામાં ફરક નથી બન્ને જગ્યા એ કાયદો પુરી રીતે લાગુ પડે છે. ગ્રૂપ એરીયાઝનો કાયદો એટલું જ કહે છે કે, ગમે તે ગોરા લત્તામાંથી બીન-ગોરાઓએ નીકળી જવું પડશે.

ઘણા ગોરા વેપારીઓ હવે ચિંતામાં પડી ગયા છે, અને તેઓ વીચાર કરે છે કે હવે સરકાર શું કરશે? તેઓ આ

(અનુસંધાન માટે જુઓ પાનું ૬૮૬)

દક્ષિણ આફ્રિકામાં ઘાનાના એલચી વિષે ખાનગી વાટાઘાટો

દક્ષિણ આફ્રિકાના પરદેશ ખાતાના મંત્રી, મી. એરીક લો, જેઓ હાલ યુનોમાં છે, તેઓ ઘાનાના પ્રતિનિધિ સાથે, યુનીયનમાં ઘાનાના એલચીને મોકલવા બાબત ખાનગી વાતચીત કરવાની આશા રાખે છે.

યુનોમાં દક્ષિણ આફ્રિકા પાછું દાખલ થયું તે બાબત માં બોલતાં મી. લો એ જણાવ્યું હતું કે એમનું માનવું છે કે, યુનોની કારકીર્દીમાં સામેલ થવા નો આજ સારો મોકો છે, અને હવેથી દક્ષિણ આફ્રિકા યુનોની બધી બાબતોમાં ભાગ લેશે. મી. લોએ પોતાના આ પગલાનું કારણ એ આપ્યું હતું કે, યુનો ના ઘણા સભ્યો તરફથી, દક્ષિણ આફ્રિકા તરફ વધુ મૈત્રી બતાવવામાં આવી હતી, એટલા માટે દક્ષિણ આફ્રિકાની સરકારને યુનો માં ફરી દાખલ થવાનું યોગ્ય લાગ્યું છે.

આનંદમય સત્ય

આજ કાલ ઘણા લોકો બોલી નાખે છે કે ધર્મ સાથે રાજકારણને કશો સંબંધ નથી, સામાજીક જીવનને વ્યક્તિગત જીવન સાથે કશો સંબંધ નથી અને એવી બીજી વાતો કરે છે. આનો અર્થ એ છે કે જીવન ના દરેક પાસાને આપણે બીજા પાસાંથી ભિન્ન માનીએ છીએ. પણ એક અંગની બીજા અંગ પર શી અસર થાય છે, તે આપણે જોતા નથી.

આપણી સંસ્કૃતિ એથી ઉલટું કહે છે. માણસના શરીરને એના મનથી જુદું ન પાડી શકાય. મન સ્વસ્થ હોય તો જ શરીર સ્વસ્થ હોય અને શરીર સ્વસ્થ હોય તો જ મન પણ સ્વસ્થ હોય. શુદ્ધ ખોરાક સિવાય શરીર કે મન સ્વસ્થ ન રહી શકે. વ્યક્તિ સ્વસ્થ ન હોય તો વ્યક્તિઓનો સમુહ એટલે કે સમાજ પણ સ્વસ્થ ન હોઈ શકે. સ્વસ્થતા ચિત્તની, શરીરની અને કર્મની પણ હોવી જોઈએ.

આ દ્રષ્ટિએ જીવનનાં બધાં પાસાં, વિચારો અને ગુણોના સત્ત્વ, રજ, તમ એમ ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે. આ ત્રણ ગુણોમાંથી જે માણસમાં જે ગુણની વિશેષતા હોય, જે જાતના સમાજ કે કામમાં તેની શ્રદ્ધા હોય તે મુજબ તેને સાત્વિક, રાજસી કહેવામાં આવે છે.

આમ ખોરાક, શરીર, સ્વાસ્થ્ય, માનસિક સ્થિતિ અને વિચારની પવિત્રતાનો એક બીજા સાથે એવો સંબંધ છે કે તેમની એક બીજા પર અસર થયા વગર રહેતી નથી. તામસી ખોરાક ખાઈને સાત્વિક પ્રવૃત્તિ કરવી અશક્ય નહીં તો મુશ્કેલ છે. એ જ રીતે રાજસી શરીરથી તામસી અથવા સાત્વિક કર્મ થવું મુશ્કેલ છે. આથી આપણા શાસ્ત્રો મુજબ જીવન માં આ હારવિહારનો સમન્વય કરવામાં આવ્યો છે, અને તેથી કરીને મનુષ્ય પોતાનું પરમ લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે. આપણી સંસ્કૃતિ એવી રચાઈ છે કે તેમાંથી આનંદમય સત્ય નીકળે છે.—રાજેન્દ્રપ્રસાદ.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૧૦ ઓકટોબર, ૧૯૫૮.

દક્ષિણ આફ્રિકાની ખરાબ ટેવો

એમ જણાય છે કે જ્યારે પણ કોઈ એવી ચર્ચા યુનોમાં થાય કે જે, આપણા દેશના રાજકર્તાઓને પસંદ નહીં પડે ત્યારે, દક્ષિણ આફ્રિકાના પ્રતિનિધી ચર્ચામાંથી ઉઠીને ચાલતા થઇ જવાની પ્રથા થઇ ગઈ છે. આ એક બહુજ ખરાબ ટેવ છે, જેથી આપણા દેશનું નામ પરદેશમાં બહુ ઉજ્જવળ થતું નથી.

એક વસ્તુ તરફ અમે ધ્યાન ખેંચવા ઈચ્છીએ છીએ. જ્યારે મી. લોઝે યુનોમાં ફરી હાજર રહેવાનું નકકી કર્યું ત્યારે એમને એમ કહ્યું હતું કે, એમને એટલા માટે આ પગલું લીધું હતું કે, એમને યુનોમાં દક્ષિણ આફ્રિકા તરફ વધુ મૈત્રી જણાઈ. ઘણા દક્ષિણ આફ્રિનોને એ વસ્તુ ગમી કે યુનીયનની સરકાર, આખરે યુનોમાં ભાગ લેશે. પણ હજુ તો મી. લોઝ ન્યુ યોર્ક પહોંચ્યાં ત્યાં જ આપણે સાંભળવા મળે છે કે, ઈલાયદાપણાના સવાલ ઉપર તેઓ ફરી એક ખરાબ રીતે ઉચ્છરેલા બાળકની જેમ રીસાવવાની ધમકીઓ આપવા માંડયા છે.

આનાથી ખરો સવાલ એ ઉભો થાય છે કે પરદેશ ખાતાના મંત્રી મી લોઝે પોતાનો મત ફેરવવાનું ખરૂ કારણ આપ્યું હતું કે નહીં? જો એમને આપેલું કારણ ખરૂ હોય, તો તેઓને યુનાઈટેડ નેશન્સના ખરા મત વિષે ખોટી માહીતી મળી હોવી જોઇએ.

જે પણ કારણ હોય, આજે ફરી એકવાર દક્ષિણ આફ્રિકા મુખર્તા ભરેલું પગલું ભરવાથી, દુનીયાની નજરમાં વધુ નીચે ઉતરી ગયુ છે.

હિંદમાં નોડી

ઈપાના હેવાલો ઉપરથી જણાય છે કે, યુનીયનના નાણા મંત્રી મી. ટોમ નોડી, આ અઠવાડીયામાં હીંદના વડા પ્રધાન શ્રી નહેરૂ સાથે જમવાના છે. આ દેશ છોડયા પહેલા જ મી. નોડીને આમંત્રણ આપવામાં આવ્યું હતું, અને તેમને તે રાજી ખુશીથી સ્વિકાર્યું હતું. અમારે માનવું છે કે, મી. નોડીને મોકલીને, હાઈ બહુ જ સારૂ પગલું ભર્યું છે.

આ બનાવથી, આપણા દેશ અને હીંદ વચ્ચે જે ખરાબ સંબંધ છે, તે સુધરી નથી જવાનો પણ એ જોઇને સંતોષ થાય છે કે, એક ઈલાયદાપણાની સરકારના મંત્રી, એક બીજા રંગની વ્યકિત સાથે સભ્યતાથી વરતી શકે છે. પછી ભલે તે આ દેશની બહાર હોય.

અમે એમ પણ નથી માનતાં કે આ બધાથી રંગભેદના સવાલ ઉપર મી. નોડીના વિચારો બદલાઇ જશે, તે છતાં એ જાણી આનંદ થાય છે કે એમને એવા આપણામાં હાજરી આપી હતી, જ્યાં ઈલાયદાપણાના કોઈ પણ જાતના ચિન્હો જણાતા ન હતાં.

વિનોબાજી ગુજરાતમાં

"આ ભુમિ ગૈષ્ણવોની ભુમિ છે, આ ભુમિ પર આવેલું દ્વારકા આખા જગતમાં જાણીતું છે. હું ત્યાં જવાનો નથી છતાં હું ત્યાં ગયો હોઉ એવી તૃપ્તી તમને બધાંને જોઇને હું અનુભવું છું. મારી આગળ બેઠેલા તમે બધા ગૈષ્ણવજનો મને દર્શન આપી રહ્યા છે, એવો પણ મને અનુભવ થાય છે"—એમ આચાર્ય વિનોબાજી એ ગુજરાતની એમની પદયાત્રાના ત્રીજા દિવસે વ્યારા ખાતે સમસ્ત ગુજરાત તરફથી સ્વાગત માટે યોજાયલી ખાસ સભામાં બોલતાં જણાવ્યું હતું.

વિનોબાજીએ વધુમાં કહ્યું કે મનુષ્ય જન્મ મળે એ એક સદ્‌ભાગ્ય છે. મનુષ્યત્વનો મહીમા મોટો છે, પુર્ણ મનુષ્યત્વ પ્રાપ્તિ કરવા માટે હું પ્રયત્ન કરી રહ્યો છું. મરણ્યત્વ પ્રાપ્ત કરવા ઉપાધી રહીત થવાની જરૂર છે. હું ઉપાધી-રહીત થઇને તમારી પાસે આવ્યો છું. હું ગુજરાતી છું કે ભારતીય છું એવો ભાસ પણ મને થતો નથી હું તો માનવતાના ધર્મમાં આકૃત થયો છું.

ત્રણ સદ્‌ભાગ્યો

પોતાને વરેલાં ત્રણ સદ્‌ભાગ્ય વિશે બોલતાં એમણે કહ્યું કે મને મનુષ્યત્વ પ્રાપ્ત થયું એ માટે પ્રથમ સદ્‌ભાગ્ય એ પ્રાપ્તિ પછી મન મુક્તિની તાલાવેલી લાગી એ માટે બીજું સદ્‌ભાગ્ય છે અને મહાપુરૂષો તથા ધર્મીક સંતોનો આશ્રય અને માર્ગદર્શન પ્રાપ્ત થયો એ માટે ત્રીજું સદ્‌ભાગ્ય છે. એમના સત્સંગથી મને એક ફાયદો એ થયા છે કે મારામાં જે ગુણો ન્યુનતામાં હતા તે વધુ વિકસ્યા અને જે ગુણોનો અભાવ હતો તે પ્રગટયા.

આ તો મારી દ્વિજભુમિ

એ પછી વિનોબાજીએ કહ્યું કે આ ભૂમી મને સદાય આકર્ષી રહી છે. મહારાષ્ટ્ર મારી જન્મભૂમી છે પરંતુ આ ભૂમી તો દ્વિજભુમી છે. હું અહીં દ્વિજ થયો એટલે આ ભૂમીની મારાથી બને તેવી સેવા કરવા અહીં આવ્યો છું.

એ પછી એમણે સ્વ. કીશોરલાલ સ્વ. મહાદેવભાઇ તથા નરહરીભાઇ વિગેરે ચાલ્યા ગયેલા મીત્રોને યાદ કરી જણાવ્યું કે આ મીત્રો મારી રાહ જોઇ રહ્યા છે. પરંતુ મેં આદરેલું પુર્ણ કર્યા પહેલાં તેમની પાસે પહોંચી જાય એ એમને નહિ ગમ.

ટ્રાંસવાલમાં ગ્રૂપ એરીયાઝથી ગોરા વેપારીઓને થતું નુકશાન

(પહેલા પાનાનું અનુસંધાન)

પગલું હીંદીઓ સામે નહીં ભરી શકે, અને હાલ જે બધુ કાર્ય બંધ રાખવામાં આવ્યું છે તે પણ કાયમ ને માટે બંધ નહીં રાખી શકાય. સવાલ એ છે કે, ગ્રૂપ એરીયાઝના કાયદામાં ફેરફાર થશે, કે વેપારી સંબંધમાં ગ્રૂપ એરીયાઝનો કાયદો અંતમાં રદ કરી નાંખવામાં આવશે?

ભુતાનને નહેરૂનો સંદેશ

વડા પ્રધાન શ્રી નહેરૂએ ભુતાનની પ્રજાને જણાવ્યું હતું કે ભારતની એક માત્ર ઈચ્છા એટલી જ છે કે ભુતાન એક સ્વતંત્ર દેશ તરીકેનું અસ્તીત્વ જાળવી રાખે અને પોતાના પંથે પ્રગતિ સાધે.

એક જાહેર સભામાં પ્રવચન કરતાં શ્રી નહેરૂએ જણાવ્યું કે કેટલાક લોકો કહાય એમ ધારે કે ભારત એક મહાન અને શકિતશાળી દેશ છે અને ભુતાન નાનો દેશ છે એટલે ભારત ભુતાન પર દબાણ લાવવા ઇચ્છે. આથી હું તમને એ સ્પષ્ટ કરવાનું આવશ્યક માનું છું કે અમારી ઈચ્છા માત્ર એટલી જ છે કે તમે એક સ્વતંત્ર દેશ તરીકે રહો અને તમારી ઈચ્છા મુજબ તમારી જીવન પદ્ધતી અને તમારી પ્રગતીનો રાહ પસંદ કરો. એ સાથે આપણે પણ પરસ્પર શુભેચ્છા પરાયીને રહીશું. આપણે એક જ હિમાલય કુટુંબના માણસો છીએ અને એકમેકને સહાય કરી મિત્ર પાડોશીની જેમ રહેવું જોઇએ.

શ્રી નહેરૂએ કહ્યું કે ભુતાન અને ભારત બન્ને દેશોની આઝાદીનું સંરક્ષણ કરવું જોઇએ કે જેથી બહારનો કોઈ પણ એને કશી હાની પહોંચાડી ન શકે.

તેમણે વધુમાં નેપાળે તેમના કરેલા ઉમળકાભેર સ્વાગત માટે કૃતજ્ઞતા વ્યકત કરી હતી તથા કહ્યું હતું કે કેટલાય કાળ પહેલા ભારતથી ભગવાન બુદ્ધનો અવાજ ભુતાનમાં આવ્યો હતો. આજે જ્યારે જગતમાં યુદ્ધની વાતો થઇ રહી છે ત્યારે પણ આ અવાજ ગુંજ બનાવાય તે ઇચ્છનીય છે.

વડા પ્રધાને વધુમાં ભુતાનના મહારાજાને ભારત આવવા નીમંત્રણ આપ્યું હતું.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

ગ્રુપ એરીયાઝની એક દુઃખદ ઘટના

ચાર એલીઝાબેથની એક ગોરી બાઇ જેનું નામ મીસીસ ઇ. મેકડુગલ છે, તેઓએ એક પાંચ વર્ષની કલર્ડ છોકરીને પોતાની પાસે રાખીને ઉછેરી હતી, હવે કાયદા અનુસાર આ બાળકીને પોતાનાથી જુદી કરી નાંખવી પડી છે. નાની બાળકીનું નામ જેરલડીન છે અને એને છુટા પડતા રડતાં રડતાં કહ્યું કે "મને મહેરબાની કરીને મોકલી ન દો હું તોફાન નહીં કરું." પણ નાની જેરલડીને કાંઇ તોફાન નહોતું કર્યું અને એની પાલક મા દુઃખી હૃદયે જવાબ આપી નહોતી શકી.

જે કોમેટમાં તે રહે છે, ત્યાંના કોઇ રહેવાસીએ એમના વિષે ગ્રુપ એરીયાઝના વડાઓ પાસે ફરીયાદ કરી હતી કે એક ગોરી બાઇને ત્યાં એક કલર્ડ બાળક રહે છે. આજે નાની જેરલડીન, ગ્રેહેમસટાઉનમાં, જેનલીકન સીસ્ટરોની દેખરેખ નીચે ચાલી રહેલા એક હોમમાં રહે છે. બાંની સીસ્ટરો નમ્ર છે અને દયાળુ છે અને જેરલડીનને પ્રેમ પુર્વક સાચવે છે, પણ આ બાળકો માટે એક વિચિત્ર દુનીયા છે જેમાં બલાબદાપણાની નિર્દયતા જાહેર થાય છે.

મીસીસ મેકડુગલે આ બાળકીને પોતાની દીકરીની જેમ પ્રેમથી ઉછેરી છે અને જે વખત જ્યારે તે ગંભીર માંદગીમાં પડી હતી ત્યારે તેને રાત દિવસ જાગી આ બાળકીને મોતથી બચાવી છે. જેરલડીનનીમાં પહેલાં મીસીસ મેકડુગલને ત્યાં કામ કરતી હતી. ત્યારે તેઓ કેપટાઉન માં હતાં. ચાર વરસ પહેલા એક દિવસે એ બાઇએ નોકરીમાંથી રજા માંગી કારણ કે તેને પોતાના એલસીઝ રીવર માં પોતાના બીમાર બાળક પાસે જવું હતું. મીસીસ મેકડુગલ એની સાથે ગઇ અને ત્યાં જેરલડીન એક ગંદા ઝુપડામાં ગંભીર હાલતમાં પડી હતી. ત્યારે તે ૧૧ મહીનાની તે હતી પણ એનું વજન ફકત ૧૨ રતલ હતું.

મીસીસ મેકડુગલ બાળકને પોતાને ઘેરે લઇ ગઇ અને ડોકટરને બોલાવ્યો. અને તેને લગભગ એક વરસ સુધી કાળજી પુર્વક સારવાર કરી અને ત્યાર પછી જેરલડીન સારી થઇ. ત્યાર પછી મીસીસ મેકડુગલે, જેરલડીનને અને એની માને મોસલ બેય હવા ફેર માટે મોકલ્યા. થોડાજ દિવસોમાં એમને ફરી તાર મળ્યો કે બાળક ફરી બીમાર છે. આ સાંભળતાં તેઓ પાછા મોસલ બેય ગયા અને ત્યાં એમને જોયું કે જેરલડીન ફરી માંદી પડી પતી. અને બહુજ ગંદકીમાં હતી અને એને કાંઇક બાધ લીધુ હતું. એને લીધે તેના મોઢા ઉપર અને મળાની અંદર ચાંદા પડી ગયા હતાં. ત્યારબાદ ફરી આ ગોરી બાઇએ એ બાળકને પોતાને ત્યાં રાખી એની સારવાર કરી ને એને સારી કરી. જેરલડીનની માએ મીસીસ મેકડુગલ ને કહ્યું કે તેઓ ઇચ્છતા હોય તો બાળકને પોતાની પાસે રાખી શકે છે. એમને આ રિવકાર્યું એમને આશા હતી કે ભવિષ્યમાં તેઓ એને ફોર્મ હોરમાં ભણવા મોકલી પોતાની હોમમાં સુધારા કરવા માટે તેને તયાર કરે. પણ કોઇકે ફરીયાદ કરી અને ગ્રુપ એરીયાઝના કાર્યકર્તાઓએ મીસીસ મેકડુગલને એક અઠવાડીયાનો સમય આપ્યો કે જે સમય દરમ્યાન તેમને જેરલ-ડીનને પોતાના ઘરમાંથી કાઢી ને બીજે કયાંક મુકવી પડશે. તેઓ પોતે પોતાની કારમાં જેરલડીનને ગ્રેહેમસટાઉન લઇ ગયાં એમની સાથે એક નાની ગોરી છોકરી પણ હતી જે જેરલડીનની દોસ્ત હતી. આ બે છોકરીઓ સાથે રમતી આજે એ ગોરી બાળકી પોતાની દોસ્તને વિદાગીરી આપવા ગઇ હતી.

જેરલડીન મીસીસ મેકડુગલને વળગી ને પુછવા લાગી કે "તમે કાલે આવશો ને?" પણ ગોરી બાઇને ભારી હૃદયે બાળકીને સમજાવવું પડયું કે રોજ આવવું બહુજ દુર પડે છે છતાં બને એટલી વાર મળવા તે જરૂર આવશે. મીસીસ મેકડુગલ એને રાખવાનો બધો ખર્ચ આપે છે અને હવે તેમને એને અવરનવર મળીને અને કોઇક વખત ઘેરે ફકત ફરવા (રહેવા નહીં,) લાવીને સાંતવન મેળવવું જોઇશે. આ એક બલાબદાપણાની અને ગ્રુપ એરીયાઝની નિર્દય ઘટના છે. આવી આપા દેશમાં હજારો ઘટના રોજ બની રહી છે. મીસીસ મેકડુગલ જાણીતી ગોરી અભિનેત્રી ગોરીન રવાનસનની મા છે.

ગ્રુપ એરીયાઝ સામે લીબરલ પાર્ટીનો વિરોધ

પ્રિટોરીયાની લીબરલ પાર્ટીના પ્રમુખ મી. જે બ્રિંક પ્રીટોરીયા અને ડરબનના ગ્રુપ એરીયાઝના જાહેરનામાં વિષે પોતાની ચોંતા એક નિવેદનમાં દર્શાવી છે. મી. બ્રિંકે જણાવ્યું કે: "અમે ગ્રુપ એરીયાઝના કાયદાને હમેશા એક નિર્દય કાયદો ગણ્યો છે અને આ જાહેરનામાંઓ જોઇ અમે ફરી એ મત જાહેર કરીએ છીએ. સાથે સાથે અમે આ દેશના અમારા ભાઇ ઓ કે જેમની ઉપર આ આફત ઝઝુમી રહી છે એમને માટે અમારી હાર્દીક સહાનુભુતી દર્શાવીએ છીએ.

આજે ડરબન અને પ્રિટોરીયામાં રજુ થએલા જાહેરનામાં એટલી હદ સુધી માનવતાહીન છે કે સુધરેલા લોકો એ જોઇને ધ્રુજ્યા વગર નહીં રહે. આ બધા ધાર્મીક અને માનવ આદર્શો ની વિરોધ છે. આ જાહેરનામાંને લીધે હજારો લોકોની તેમજ તેમના બાળકોની બરબાદી છે.

આ જાહેરનામાંને અંગે લીબરલ પાર્ટીએ તપાસ કરતાં જણ્યું છે કે ઘણા નાના વેપારીઓ અત્યારથીજ નુકશાન ભોગવી રહ્યા છે કારણકે મોટા મોટા હોલસેલરજ એમને માલ આપતા અચકાય છે. જાહેરનામાં મુજબ ૧, ૬, અને ૭ વરસની અંદર સરકાર વેપારીઓને પોતાના સ્થાનમાં થી જબરજસ્તીથી કાઢી નાંખી શકશે. પણ ત્યાર સુધીમાં કાંઇજ બાકી રહ્યું નહીં હોય. આ વેપારીઓ તે પહેલાજ દીવાળું કાઢીને અંત લાવશે જશે. અને દેશ અને વેલફેર સંસ્થાઓ હજારો કામવગરનાને પોતાને માથે આવી પડેલા જોશે.

આવો કાયદો ફકત નુકશાન પહોંચાડવાની ઇચ્છાથીજ રચાયો હોવો જોઇએ. જેથી આજે હજારો હીંદીઓની પાસે થી પોતાની રોજગારી છીનવી લેવામાં આવી રહી છે, અને આથી એ હીંદી ઓ આ દેશમાં શરણાર્થીઓ તરીકે અપંગ બની જશે જ્યારે આ દેશ એમની તથા એમના બાપ દાદાની જન્મભુમી છે."

બીન-ગોરાઓ સાથે મી. લોની મૈત્રી

દક્ષીણ આફ્રીકાના પરદેશ ખાતાનો મંત્રી મી. લો, હાલ યુનોમાં ફકત થાનાના પ્રતિનિધિઓ સાથે જ મૈત્રી નથી રાખતા બલકે હીંદના પ્રતિનિધિ મી. મેનન જેઓ દક્ષીણ આફ્રિકાની સખત ટીકા કરનારા છે એમની સાથે પણ મૈત્રી રાખી રહ્યા છે. એમ "ઓબઝરવર"ના એક હેવાલમાં જણા-વવામાં આવ્યું છે. "ઓબઝરવર"ના ખબરપત્રી જે "પેનડેનીસ"ના ઉપનામ નીચે લખે છે તે ન્યુ યોર્કથી જણાવે છે કે યુનોમાં ડોમનવેલ્થના દેશોમાં આ એક ખાસીયત છે કે; ઘણીવાર બે ગોરા દેશો વચ્ચે મૈત્રી બંધાવવા ને બદલે ગોર. અને બીન-ગોરા દેશો વચ્ચેની મૈત્રી વધુ તરી આવતી દેખાય છે.

"પેનડેનીસે" વધુમાં જણાવ્યું છે કે થાનાના પ્રતિનિધિઓની દક્ષિણ આફ્રિકા સાથેની મૈત્રીનું કારણ કદાચ મોટે ભાગે વેપારને અંગે અને થોડે ભાગે સભ્યતાને અંગે છે."

બીજું ડોમનવેલ્થના ગોરા અને બીન ગોરા સભ્યોમાં એક ફરીયાદ બ્રીટનની ખુલ્લા દિલથી કામ ન કરવા ની નીતી સામે છે. એક બીન-ગોરા પ્રતિનિધિનું કહેવું છે કે, "બ્રિટને સ્પષ્ટ રીતે કહી દેવું જોઇએ કે તેઓ દક્ષિણ આફ્રિકા સાથે સહમત એટલા માટેજ થાય છે કે તેઓ યુનોને સેન્ટ્રલ આફ્રિકાની બાબતમાં આવવા દેવા નથી ઇચ્છતાં. એ લોકોએ બધાને મુર્ખ ન સમજવા જોઇએ અને ગોરા દંભ મુકી દેવો જોઇએ.

લીટલ રોકમાં મીશ્ર સમુહનો વિરોધ

લીટલ રોકમાં નીગ્રો અને ગોરા બાળકોને સાથે ભણવા દેવા ના સવાલ પર મત લેવાતા વિરોધી મતો ૧૮,૪૭૦ હતાં અને તરફેણના મતો ૭૫૬૫ હતાં. અવરનરે આ પગલું એટલા માટે લીધું કે ત્યાંની સેન્ટ્રલ હાઇ સ્કુલમાં સહશિક્ષણ દાખલ કરવાનું યુનાઇટેડ સ્ટેટસના સુપ્રીમ કોર્ટ તરફથી ગયા મહીનામાં જણાવવામાં આવ્યો છે.

હુકમ બાદ અવરનરે બધી સ્કુલોને બંધ કરી દીધી હતી જેથી યા હુકમ લાગુ પાડવામાં ન આવી શકે. હવે તેઓ ખાનગી રીતે સ્કુલોને જેવા ખાતા નીચે મુકવા ધરાવે છે કે જેથી તેઓ ખાનગી રીતે બલાબદાપણાના પાયા ઉપર ફરી સ્કુલો ખોલી શકે.

અવરનરના આ પગલા વિષે સર લુધના કોર્ટ ઓફ અપીલમાં કાયદેસર પગલા લેવામાં આવશે.

તે દરમીયાન નોરફોક, વરજીનીયામાં ત્યાંની સ્કુલ બોર્ડે શહેરની ૬ ગોરી હાઇ સ્કુલોમાં ૧૭ નીગ્રો વિદ્યાર્થીઓ ને દાખલ કર્યા છે, અને એ પ્રમાણે તેમને ખાનગી સત્યાગ્રહ દ્વારા સ્કુલોને બધ કરી દીધી છે. આ સત્યાગ્રહ મિશ્ર શિક્ષણના વિરોધ રૂપે કરવામાં આવ્યો હતો.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

'કાશ્મીર પ્રિન્સેસ'

કાવતરાની રોમાંચક કથા

લેખક : શ્રી. અનંત શ્રીધર કર્ણિક

(ગતાંકથી ચાલુ)

અમને કોઇ શોધે છે?

અમારા વિમાનમાં માત્ર ત્રણ જ જણ જ્યારે, દીક્ષિત અને પાંડે પ્રકાશ વડે સિગ્નલ આપી શકતા હતા. આથી દીક્ષિતને લાગ્યું કે તે જ્યારે જ હોવા જોઇએ. હું એમ માનતો હતો કે મોલ્ડને કારણે રિયર પ્રકાશ સિગ્નલ જેવો લાગે છે અને મોલ્ડ સિગ્નલને સમજવામાં આડાં આવતાં નથી. જ્યારે પ્રત્યેના પ્રેમને કારણે દીક્ષિત એ પ્રકાશને પ્રકાશ-સિગ્નલ માનતા હતા. ઉછળતાં મોલ્ડ વચ્ચે એકવાર તો એ પ્રકાશ પૂરી એકબે મિનિટ સુધી દેખાયો. પાંચ મિનિટ પછી અમારી જમણી બાજુ ઉત્તર દિશામાં બીજે ઝાંખો પણ રિયર પ્રકાશ દેખાયો. આ પ્રકાશ ફેંકનાર વ્યક્તિ મેટ નાટુનાના કિનારાથી બહુ નજીક હતી એમ સ્પષ્ટપણે લાગ્યું. આથી અમે એમ માન્યું કે કોઇ એક વ્યક્તિ તો બહુ જલદીથી ટાપુ પર પહોંચી જશે. અમારા દિલમાંથી આનંદની એક લહરી પસાર થઇ ગઇ, કારણ કે પાણી પર તરી રહેલા જે બે માણસો વિશે એ કાંઇ જાણતા ન હતા તે હજુ જીવતા રહ્યા હતા. અમે એવી પ્રાર્થના કરવા લાગ્યા કે અમે બધાય તરત એ ટાપુ પર પહોંચી જઇએ એવી શક્તિ અમને મળે. જાણે અમારી પ્રાર્થનાનો જવાબ મળ્યો હોય એમ અમારાથી અસો વાર દુર દક્ષિણે સાધારણ રીતે બહુ પ્રકાશિત જણાય એવો પ્રકાશ અમને દેખાયો. એ પ્રકાશની બાજુમાં એક સર્ચલાઇટ જેવો પ્રકાશ પણ દેખાયો અને તેમાંથી છુટતાં કિરણો અમારા પર ફેંકાઇ રહ્યાં હતા.

આવા ગાઢ અંધારામાં જુદી જુદી દિશામાં પ્રકાશ દેખાવાથી અમે એકાદ પળ તો ડધાઇ જ ગયા. આ પ્રકાશ શું હશે? એ અંગે હું અને દીક્ષિત અલગ અલગ અભિપ્રાય ધરાવતા હતા. છતાં એક બાબત અંગે અમે બન્ને એકમત હતા અને તે એ કે આટલો બધો જોરદાર પ્રકાશ તરતા માણસની બત્તીનો તો ન જ હોઇ શકે તે પ્રકાશ બીજા કોઇ બહારના માણસ તરફથી ફેંકાતો હતો એમાં કોઇ શક નહતો.

દીક્ષિત એમ મક્કમપણે માનતા હતા કે અમને બચાવવા આજુબાજુના ટાપુઓમાંથી કોઇ અમારી મદદે આવ્યું છે. પાડોશ કદાચ મેટ નાટુના ટાપુ પર પહોંચી ગયા હોય અને માછીમારોની મદદ તેમણે મેળવી હોય એ બનવાજોગ છે.

...દુશ્મન

કાવતરાં ખોરો અને એમના મળતિયાઓ એમના ગુનાના પુરાવાઓનો નાશ કરવા શું શું કરતા હોય છે એને લગતી કથાઓ મેં સાંભળી હતી. મને એવો ડર હતો કે જે લોકોએ વિમાનમાં બોમ્બ મુકાયો હતો તેમના માણસો મશીનગન અને સર્ચલાઇટ લઇને ટોળીમાં અહીં આવ્યા હોય! વિમાન બળી ગયું હતું, તેના કુરચે-કુરચા ઉડી ગયા હતા, અને તેના ભંગાર પુરેપુરો કુબો થયો હતો. આથી બચી ગયેલા બે માણસો તરતા રહ્યા હતા તે માણસો જ ગુનાના પુરાવા રૂપે રહ્યા હતા. મારા આ બધા વિચારો જંગલી કલ્પના જેવા લાગતા હતા.

દીક્ષિતે જે કલ્પના કરી તે વધારે પ્રતીતિકર લાગી. તેમણે હાથો હાથ ઉંચો કરીને હલાવ્યો અને મને પણ એમ કરવા કહ્યું. એકાદ ક્ષણ મેં ખચકાટ અનુભવ્યો, પણ પછી મેં મારો જમણો હાથ ઉંચો કરીને હલાવ્યો. દુર દુર દેખાતો એ પ્રકાશ અમને સ્પષ્ટપણે દેખાતો હતો અને છતાં તે અમારી નજીક આવતો ન હતો. અમારા લાઇફ જેકેટ પરની બત્તીના ઝાંખા પ્રકાશમાં અમારા હાથ એમને ન દેખાયા હોય એ સંભવિત હતું. છતાં હું એમ તો માનતો જ હતો કે અમારી બત્તીઓ તો એ લોકો જરૂર જોઇ શકતા હશે. તો પછી એ લોકો અમારી મદદે કેમ નથી આવતા? અમે પાણી પર તરી રહેલા મૃતદેહો હોઇએ એમ એમણે માની લીધું હશે? આ રહસ્ય ઉકેલાયું જ નહિ. એ પ્રકાશ પણ ફરી દેખાયો નહિ.

બહુ પ્રકાશિત બત્તીવાળા લોકો આકાશને ઘનઘોર વાદળાંઓથી ઘેરાએલું જોઇને નાસી ગયા હતા. આવા સંજોગોમાં બચાવવાનું કાર્ય કરનારા લોકોની જીન્દગી પણ જોખમમાં મણાય. જેટલા માણસોને બચાવવાના હતા એના કરતાં વધુ માણસો કુબો જાય એવો ભય હતો. આથી ડહાપણ વાપરીને તેઓ ઝડપથી પાછા ચાલ્યા ગયા હતા.

તોફાન આવ્યું

ઘનઘોર ઘેરાએલાં વાદલાંઓને લીધે સરજાયેલા ભયાનક વાતાવરણમાં વીજળી અને કડાકાને કારણે ભયાનકતા વધતી ગઇ. અમે ઉંધી ખાઇમાં ફેંકાઇ ગયા હોઇએ એમ મને લાગ્યું હતું. કારણ કે તારાઓ, ટેકરીઓ અને ટાપુઓ સાથેનો અમારો સંપર્ક સાવ કપાઇ ગયો, અમારી બન્ને બાજુ અથડાતાં મોલ્ડઓ સિવાય કોઇ ની સાથે અમારો સંપર્ક રહ્યો નહિ. દીક્ષિતની બત્તી પણ અમને છોડી ગઇ. આથી અંધકાર વધુ ભયાનક બની ગયો. પવન જોરથી ફુંકાવા લાગ્યો. તેથી મોલ્ડ પણ બહુ ઉંચે સુધી ઉછળવા લાગ્યાં. એક મોજું અમને બીજા મોજા તરફ ઉછાળી રહ્યું હતું. આવી સ્થિતિ હતી એટલે અમે તરવાનું બંધ કર્યું હતું. દરિયામાં તોફાન જાગ્યું હતું. એટલે તરવાનો પ્રયાસ કરવાનો પણ કોઇ અર્થ ન હતો. મોલ્ડઓ અમને ઉંચે લઇ જઇને નીચે ફેંકતા હતાં. અમને એવો ડર લાગતો હતો કે મોલ્ડઓ અમને ઉછાળીને કદાચ વિશાળ સમુદ્રમાં તાણી જશે. જો એમ બને તો જીવવાની કોઇ તક રહે જ નહિ, કારણ કે ખુલ્લા સમુદ્રમાં મોલ્ડઓ પણ બહુ મોટાં હોય અને મગરો પણ બહુ મોટા હોય કોઇ ટાપુ નજીક ન હતો.

ઠંડી વધે છે

સવાર સુધી અમે જીવતા રહીએ તો. વિમાની અકસ્માતનો ભોગ બનેલા લોકોને શોધવા નીકળેલા લોકોને સ્વપ્ને યે એવો ખ્યાલ ન આવે કે વિમાન તુટી પડ્યું એ સ્થળેથી અમે આટલા બધા આગળ હડસેલાઇ ગયા હોઇશું.

વિકરાળ વાદળાંઓની ઘટા વચ્ચે કોઇ વાર વીજળીનો નાનકડો ચમકારો થઇ જતો ત્યારે અને અમારી આજુ બાજુના ટાપુઓ જોઇ લેતા. ટાપુઓ જોઇને જીવતા રહેવાની આશા સજીવન થતી, એટલે અમે રાહતની લાગણી અનુભવતા હતા. ઠંડો પવન જોરથી ફુંકાતો હતો એટલે પાણી પણ ઠંડું લાગતું હતું. આથી અમને એકબીજા ની વધુ નજીક રહેવાની વૃત્તિ થતી હતી. મેં મારા ડાબા હાથથી દીક્ષિત ને મારી સાથે જકડી રાખ્યા અને દીક્ષિતે એમના જમણા હાથથી મને એમની સાથે જકડી રાખ્યો. આથી અમને ઠંડ મળતી હતી. તોફાન ચાલુ જ રહ્યું અને ટાપુ જોઇ શકાય એમ હોય તો તરીને ત્યાં પહોંચી શકાય એટલી નરમી-શુકિત અમારે જાળવી રાખવાની જરૂર હતી.

બિહામણી રાત

થોડા સમય પછી વીજળી અને કડાકા બંધ થયા. પણ બિહામણી ઘનઘોર રાત ચારે દિશામા પથરાએલી હતી. ટેકરી કે ટાપુનું કોઇ ચિહ્ન જણાતું નથી. જોરથી ઉછળતાં મોલ્ડઓને લીધે અમારી આંખ પર ખારું પાણી ઉડતું ત્યારે અમારી આંખ જરા બળતી હતી. અને મોઢામાં પાણી ભરાઇ જતું ત્યારે થુંકી નાખતા. પાણી એટલું જોરથી ઉછળતું હતું કે મોઢું બંધ રાખતા તો પણ ખારું પાણી મોઢામાં ભરાઇ જતું. એટલે અમે જેટલું પાણી બહાર કાઢી નાખતો તેના કરતાં વધારે પાણી પેટમાં ઉતરી જતું હતું. દરિયાના મોલ્ડનું તોફાન તરત શમી જાય એવી મેં પ્રાર્થના કરવા માંડી, કારણ કે આવી રીતે પેટમાં પાણી ભરાવાનું ચાલુ રહે તો, અમે તરતા રહીએ તો પણ ડુબી મરીએ.

દરિયાના મોલ્ડઓનું તોફાન તો ચાલુ જ રહ્યું. ઉછળતા મોલ્ડઓના તોફાનને લીધે અમે આમતેમ ફેંકાતા હતા એટલે ટાપુઓથી દુર વિશાળ સમુદ્ર તરફ અમે ફેંકાઇ રહ્યા હતા. આમાં અમારાથી બીજું કાંઇ થઇ શકે તેમ ન હતું. લાઇફ જેકેટ પર જ અમારા જીવનનો આધાર હતો, પણ તેમાંથી હવા બહાર નીકળી રહી હતી. જે ઠેકાણેથી હવા બહાર નીકળતી હતી ત્યાં મારી નેકટાઇ હતી એટલે હવા બને તેટલી ઓછી બહાર જાય એમ કરવા માટે મેં જમણા હાથની હથેળીથી ટાઇને મજબુત રીતે દબાવી રાખી હતી.

લાઇફ જેકેટમાંથી બહાર નીકળતી હવાનું પ્રમાણ હું ઘટાડી શક્યો, પણ તે સાવ અટકાવી શકયો નહિ. મારું લાઇ જેકેટ નરમ પડી રહ્યું હતું એમ દીક્ષિતનું લાઇફ જેકેટ પણ નરમ પડી રહ્યું હશે. જીવન ટકાવી રાખનારી હવા જેકેટમાંથી બહાર નીકળી વાનું ચાલુ રહે અને જેકેટ વધુ ને વધુ નરમ થતું જાય તો અમને તે ફેંકશે. વખત ટકાવી શકે? તોફાન શમવાનાં કોઇ ચિહ્નો જણાતા નહતા. તોફાન ચાલુ હતું એટલે જેકેટમાં હવા પૂરવાનું પણ શક્ય નહતું. એમ કરવામાં જોખમ પણ ઘણું હતું કારણ કે એમ કરવા જતાં અંદરની હવા પણ બહાર નીકળી જવાની શક્યતા હતી. આમ છતાં હવા ભરવાનો પ્રયાસ કર્યા વગર કુબો જવું એના કરતાં એવો પ્રયાસ કરીને કુબો જવું વધુ સારું લાગ્યું. (અધુરું)

આ વાર્તાનો કોપી રાઇટ મુંબઇ "જયકો પ્રકાશન"નો છે.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

લોભ અને કરુણા

(સુકુલભાઈ 'લોકજીવન'માંથી)

(તા. ૨૯-૮-૫૮ના અંકથી ચાલુ)

૨૭
કેસીની આપવીતી

મોડી રાતે એક અંધારા ખૂણામાં ટોમ લોહીલોહાણ દશામાં દુઃખથી પીડા પામતો પડ્યો હતો. એવામાં તેને કોઈ ફ્રેંચ લખને પોતાની પાસે આવતું જણાયું. ટોમ એને એકદમ ઓળખી શક્યો નહીં. એટલે તે મુકાઈ ગયેલા અવાજે ધીમેથી બોલ્યો: "તમે કોણ છો? મને થોડું પાણી પીવા આપશો? હું તરસથી મરી રહ્યો છું."

પેલી વ્યક્તિ પાસે આવીને બોલી: "ભાઈ ટોમ, હું કેસી છું. તમને લેવા માટે આવી છું." એમ કહીને તેણે ટોમને પાણી આપ્યું. ટોમ એટલું પ્યાલા પાણી પી ગયો.

પાણી પીને જરા નિરાંત થતાં ટોમ બોલ્યો: "બહેનબા, હું આપનો ખૂબ જ આભાર માનું છું."

એ સાંભળીને કેસી બોલી: "ભાઈ, હું કંઈ બહુ મોટી નથી. તમારામાંની જ એક અભાગણી ગુલામડી છું. કદાચ તમારા કરતાં વધારે દુઃખી હોઈશ!"

પછી કેસીએ પોતાની સાથે આણેલી પથારી પર બીની ચાદર પાથરીને ટોમને કહ્યું: "ભાઈ, તમે ધીમે ધીમે બસતા બસતા પથારી પર સૂઈ જાઓ. જેથી તમને રાહત મળશે."

ટોમ ખૂબ મહેનતે બસતો બસતો પથારી પર સૂતો. કેસીએ એના લોહી લોહાણ માથા નીચે થોડું રૂ પાથર્યું. આથી ટોમને થોડી રાહત મળી. પછી કેસીએ ટોમના બધા ઘા ધોઈને એના પર મલમ લગાવ્યો.

ટોમને આથી પીડા ખૂબ ઓછી થયેલી લાગી. તે ગદ્‌ગદ કંઠે બોલ્યો: "બહેન, હું આપનો ખૂબ જ આભારી છું."

કેસી બોલી: "ભાઈ, એમાં આભાર માનવા જેવું કશું નથી. હું પાંચ વરસથી આ રીતે ગુલામોની સેવા કરું છું. જ્યારે જ્યારે કોઈ ગુલામને માર મારવામાં આવે છે, ત્યારે ત્યારે હું છાનીમાની આવીને તેમની યથાશક્તિ સેવાચાકરી કરું છું. મારા જેવી અભાગિયણ પોતાના બંધુઓ માટે બીજું શું કરી શકે એમ છે!"

પછી થોડી વાર અટકીને કેસી બોલી: "ભાઈ, તમે આજે ભારે સાહસ કર્યું છે. આમ કરવામાં કશો લાભ નથી. તમે આ નરાધમને ઓળખતા નથી. એ તમને મારી ન નાખે તો બસ છે. માટે તમે કાલ્લા યજમને અહીંની સ્થિતિ પ્રમાણે ગોઠવાઈ જજો. તમે બીજા ગુલામોને ફટકારવાની ના પાડી. પરંતુ તમે એ લોકોને સમજતા નથી. એ ગુલામો અહીં રહીને અને અહીંનો ત્રાસ વેઠી વેઠીને એટલા તો સ્વાર્થી, નિર્દય અને પશુ જેવા બની ગયા છે કે, જો એમાંના કોઈને તમને ફટકારવાનો હુકમ મેળવી દેવાય તો તે ખુશીથી તમને ફટકાર્યા વિના રહે નહીં! માટે ગુલામો પર દયા બતાવવામાં સાર નથી."

ટોમ આ સાંભળીને બોલ્યો: "તો શું હું અહીં રહીને એ લોકો જેટલો જ નિર્દય બની જઈશ? હે ભગવાન, તું મારી સંભાળ લેજે. મને આ પાપમાંથી બચાવજે."

કેસી જરા ઉશ્કેરાઈને બોલી: "એ ભગવાન અહીં કશું સાંભળતા આવે એમ નથી. તે આપણા છે જ નહીં! હું પણ પહેલાં ભગવાનમાં ખૂબ વિશ્વાસ રાખતી હતી. પણ મારી દુર્દશા જોઈને એ ભગવાન કદી મારી વહારે ધાયા નથી! ભગવાન તો આજે આપણા માલિકોના પક્ષનો થઈ ગયો છે. અરે, તમને ચાબુકે ચાબુકે ફટકારીને મારી નાખે, તમને પેલા ઝાડ નીચે લટકાવીને જીવતા બાળી મૂકે કે શિકારી કુતરાંઓ પાસે ફાડી ખવાવે તોયે એ માલિકને કોઈ સજા કરનાર કે પૂછનાર અહીં છે નહીં. માટે મારી તમને ભલામણ છે કે, આવું બધું ધાર્મિકપણું જરા બાજુએ મૂકી દઈને અહીંની પરિસ્થિતિ પ્રમાણે વર્તવા લાગો, તો તમે આટલા દુઃખી થશો નહીં."

ટોમ ખૂબ ઉંડા વિચારમાં ડૂબી ગયો. તે દુઃખી અવાજે બોલ્યો: "બહેન, તમે ધીરજ બોધ બેઠાં છો. ભગવાનમાં અડગ શ્રદ્ધા રાખો. એ આપણા પક્ષમાં જ છે. એ આપણને છોડીને કષાય જાય એમ નથી. દુઃખથી ત્રાસી જઈને અને સુખના પ્રલોભનથી ખેંચાઈ જઈને આપણે સન્માર્ગ છોડવો નહીં જોઈએ. એક વાર પાપ કરવા લાગી જઈએ, પછી આપણું હૃદય પણ એવું પાપી બની જાય છે. પછી આપણે પાપમાં જ રાચતા થઈ જઈએ છીએ અને એમાં જ આપણું તેમ જ બીજાનું ભલું માનવા લાગીએ છીએ. પાપમાર્ગે વળી ગયા પછી એ પાપમાંથી છુટવું બહુ અઘરું છે. માટે મરવું પસંદ કરવું, પણ પાપના પ્રલોભનમાં કદી પડવું નહીં."

ટોમની આ વાત સાંભળીને કેસી વિમાસણમાં પડી ગઈ, તેને કંઈક સત્ય સમજાયું. તે રડી પડીને બોલી ઉઠી: "ભાઈ, તમે સાચું કહ્યું. હું ખરેખર પાપી છું! મને આમાંથી બચાવો!" પછી તે ડુસકે ડુસકે રડી પડી. રડતાં રડતાં તે પોતાની દુઃખભરી કહાણી કહેવા લાગી:

"નાનપણમાં હું ખૂબ લાડકોડમાં ઉછરી હતી. મને સારું શિક્ષણ પણ આપવામાં આવ્યું હતું હું નાની હતી ત્યારે મારા બાપુજીનું એકાએક અવસાન થયું. અવસાન પછી મિલકતનો હિસાબ કાઢતાં બહુ મોટું કરજ મારા બાપુજી પાછળ મૂકી ગયા હતા. એટલે મિલકતને વેચીને કરજ ચુકવતાં પણ થોડું દેવું બાકી રહ્યું. હું ગુલામડીને પેટે જન્મેલી હોવાથી મારી પાલક માતાએ મને વેચવા માટે એક વકીલને સોંપી દીધી. મને મારા પિતા ગુલામ બાલિકા તરીકે રાખતા ન હતા અને મને સ્વતંત્ર કરવા પણ ઇચ્છતા હતા. પણ તેઓ અકસ્માત્ ગુજરી ગયા, એટલે એ વાત બની શકી નહીં.

"વકીલે મને પોતાને ત્યાં રાખી. તે એક વાર એક જુવાન ગૃહસ્થને મારે ત્યાં લઈ આવ્યા. તે જુવાનને હું ગમતી હતી. એટલે તેણે મને વેચાતી લઈ જઈને પોતાને ત્યાં રાખી. પોતાની પત્ની તરીકે જ એ મને રાખતો હતો. કેટલાય નોકરચાકરો મારી સેવાચાકરીમાં હાજર રહેતા. હું એ જુવાનને ચાહવા લાગી હતી અને એ પણ મને ખૂબ ચાહતા હતા. એટલે મેં એક દિવસે એમને કહ્યું: 'તમે મારી સાથે લગ્ન કરીને મને તમારી કાયદેસરની પત્ની તરીકે રાખો તો સારું.'

"એ સાંભળીને તે કહે: 'તું મારી પત્નીની માફક જ હવે ઘરમાં રહે છે. લગ્નની હવે શી જરૂર છે? વળી મારાથી અમારા ધર્મ પ્રમાણે ગુલામ બાઈ સાથે લગ્ન ન થઈ શકે! પણ ભગવાનની સાક્ષીમાં આપણાં લગ્ન થઈ જ ગયાં છે. માટે તું સુખેથી રહે. આ ઘર તારું જ છે.'

"મને એમની વાતમાં વિશ્વાસ હતો. એટલે હું શાંત રહી. મને બે સંતાન થયાં. એક છોકરો અને છોકરી. આમ મારો ઘરસંસાર ખૂબ સુખી હતો.

"એવામાં એક દિવસ તેમના કાકાનો છોકરો અમારે ત્યાં આવ્યો. એને પહેલી વાર જોઈને જ મને કોણ જાણે કેમ બીક લાગી. તે એમને રોજ મહાર લઈ જતો. એ પણ તેની સાથે ઘોડે રસ્તે ચડી ગયા. થોડા વખતમાં જ એ જુગારી બની ગયા અને દારૂની લતે ચડી ગયા. થોડા દિવસ પછી એ એક ગોરી બાઈ સાથે ફરવા જવા લાગ્યા. બાઈ ટોમ, મારી આપવીતી કહેતાં મારું દિલ ચિરાઈ જાય છે! ખરેખર, હું અભાગણી છું!

"પછી તો એમણે પેલી બાઈ સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું. એમણે મને તેમ જ મારાં બે બાળકોને પેલા માણસને છાનામાનાં વેચી દીધાં અને એ મને છોડીને અને બધી માલમિલકત વેચી નાખીને પેલી બાઈ સાથે બીજે ચાલ્યા ગયા! જતી વખતે એમણે મને ખોટું ખોટું કહ્યું કે, 'હું થોડા વખત માટે બાજુ ગામ જાઉં બહાર જાઉં છું અને મારા કાકાના દીકરાને તમને સોંપી જાઉં છું.'

"બીજે દિવસે પેલા નરાધમે મારી પાસે આવીને વેચાણપત્ર બતાવીને મને કહ્યું કે, 'મેં તને અને તારાં બાળકોને વેચાતાં લઈ લીધાં છે. માટે હવે તારે મારા કહ્યા મુજબ રહેવાનું છે.'

"આ સાંભળીને હું ક્રુદ્ધ જ ઉઠી. પછી તેણે મને કહ્યું: 'મારી સાથે તારે આનંદથી રહેવાનું છે અને મારી બધી ઇચ્છા પૂરી પાડવાની છે. જો તું મને વશ નહીં વર્તે, તો હું તારાં બાળકોને ખરાબ જગ્યાએ વેચી દઈશ.' આખરે મેં મારાં બાળકોની ખાતર એ નરપશુની ઇચ્છા પૂરી કરવા કમને કબુલ્યું. તે મારું હીર બરોબર ચુસતો હતો. પણ હું નિરાધાર ને લાચાર હતી!

"પરંતુ એ નરાધમે મને દગો દીધો. તેણે મારાં બંને બાળકોને છાની રીતે વેચી દીધાં. આ વાત જાણતાં હું સાંઢા જેવી બની ગઈ અને ભાન ગુમાવી બેઠી.

"જ્યારે હું ભાનમાં આવી, ત્યારે મેં જોયું કે, પેલો નરાધમ મને સારી કીંમતે વેચી નાખવા માટે એક દાક્તરને ત્યાં મૂકી ગયો હતો. દાક્તર મારી તબિયત સુધારવા તનતોડ પ્રયત્ન કરતો હતો. મને જીવવાની જરાયે ઇચ્છા ન હતી. ભગવાન પાસે હું રોજ મોત માગતી હતી. પણ ભગવાને હજી મને વધારે દુઃખ દેવાનું ધાર્યું હશે, એટલે હું પાછી ધીમે ધીમે સાજી થવા લાગી. મારી સુંદરતા પણ પાછી વધવા લાગી. માણસો મને જોવા કોઈ કોઈ વાર આવી જતા.

"એક દિવસે એક સારા ગૃહસ્થે મને ખરીદી લીધી તે મારી સાથે પ્રેમથી વર્તતો હતો. તેનાથી મને એક છોકરો થયો. પણ મને થયું કે, મારા દીકરાને આવી કારમી ગુલામી સહન ન કરવી પડે તો સારું. આ દુનીયા અમારા માટે શ્વેતરૂપ જ છે. એટલે તે જન્મ્યો કે તરત જ મેં તેને, અજીબ ધોળીને પાઈ દીધું! બાળકના અવસાનથી મારું હૃદય ખૂબ રડ્યું. પણ મારી પાસે બીજો ઉપાય ન હતો.

"હજી મારા નસીબમા દુઃખ ભોગવવાનું બાકી હશે; એટલે પેલો ગૃહસ્થ પણ મોહ કરજ મૂકી મરી ગયો. તેથી એક દિવસ નરાધમ લેણીઓ આવીને મને ખરીદી લીધી. હું પણ

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

દુઃખથી ત્રાસીને અને મુખથી બોબાઇ ને જે સેતાનને વશ થઇને રહેવા લાગી! આજે અહીં મને પાંચ વર્ષ થઇ ગયા. તમારી સાથે રેસી એમેલિનને પણ બેમી ખરીદી લાવ્યો છે. એટલે તેણે મારા પરથી ભાવ ઓછો કરી નાખ્યો છે. બાપડી એમેલિનને તે શું કરશે એ ભગવાન જાણે.''

આટલું કહીને કેસી ચુપ થઇ ગઇ. તેની આંખમાંથી આંસુ વહેતાં જ હતાં.

ટોમ કેસીની વાત સાંભળીને ખુબ દુઃખી થયો. તે ધીમે અવાજે બોલ્યો: ''મારાં દુઃખી બહેન, ભગવાનમાં હજી વિશ્વાસ રાખજે. તે સૌ સારાં વાનાં કરશે.''

બહુ રાત વીતી ગયેલી હોવાથી કેસી પોતાના મુકામે જવા ઉઠી.

ટોમ પથારીમાં પડ્યો પડ્યો દુઃખી કેસીને જતી જોઇ રહ્યો. તે પ્રભુને પ્રાર્થતો બોલ્યો: ''હે ભગવાન, તું આવી બહેનોના શીલની રક્ષા કરવા પણ ગુલામોને દુર કર.'' (ચાલુ)

ભારતમાં મોકલવામાં આવતી રકમો ઉપર કરવેરો

ભારતમાં રહાયી ન હોય એવી વ્યક્તિ જો જ્યારે પરદેશમાં બેગી કરેલી પોતાની આવક ભારતમાં લાવવા માગે તો તેમને કરવેરામાંથી કેવ જાતની રાહતો મળે તે ભારતી સરકાર તરફથી પ્રકટ થયેલા એક પત્રમાં નોંધેલી છે જે અત્રે પ્રસીદ્ધ કરીએ છીએ.

કોઇપણ આર્થીક વર્ષમાં *(Assessment year)* તે વર્ષના પાછલા વર્ષની આવક કરને લાયક થાય છે. દાખલા તરીકે ૧૯૫૭-૫૮ આર્થીક વર્ષમાં, તે વર્ષના પાછલા વર્ષમાંની એટલે ૧-૪-૫૬ થી ૩૧-૩-૫૭ દરમીયાનની (કરપાત્ર વ્યક્તિ પોતાનો હીસાબ આર્થીક વર્ષ પ્રમાણે રાખે છે એમ માનીને) આવક કરવેરા લાયક થાય.

આવકવેરાના કાયદા પ્રમાણે ભારતમાં ''સાધારણતઃ અરયાયી'' *(Not ordinarily resident)* અથવા તદ્દન ''અરયાયી'' *Non-resident)* હોય તેવી વ્યક્તિઓ પોતાની પરદેશી આવક માટે કરવેરાને લાયક હોતી નથી. તેઓની જેટલી આવક ભારત માં ઉપજે છે એટલા પુરતી જ તેમની કરવેરાની જવાબદારી હોય છે. પોતાની પત્નીને મોકલેલી આવક સીવાય કોઇપણ બીજી વ્યક્તિને મોકલેલી પરદેશી આવક કરવેરામાંથી માફ છે. પત્નીને મોકલેલી આવક પણ પરદેશી પતિની આવકના દરથી કરવેરાને લાયક ન થતાં પત્નિની બીજી એકંદર આવક ના દરથી કરને લાયક થશે.

આજ સુધી ભારતની બહાર રહેનારી વ્યક્તિઓ પોતાની પરદેશમાં બેગી કરેલી આવક તરત જ અથવા ત્યાર પછી થોડા વખત પછી લાવવા માગતી હોય તો ભારતીય આવકવેરાના કાયદામાં આવેલા સુધારાને લીધે તેમને પુરું સંરક્ષણ મળે છે.

આજ સુધી અસ્થાયી હોય તેવી વ્યક્તિ ભારતમાં રથાયી થયા પછી બે વર્ષોમાં પોતાની પરદેશી આવક જો ભારતમાં લાવે તો ભારતીય આવક વેરાને લાયક નહી થાય. દાખલા તરીકે ૪. સ. ૧૯૫૬ના મે મહિનામાં દક્ષિણ આફ્રિકામાંથી આવેલો વેપારી આવવા પહેલાં ત્યાં કમાયેલી આવકમાંથી બે લાખ રૂપીયા ૪. સ. ૧૯૫૭ના જુન મહિના પહેલાં લાવે, તો તે બે લાખ રૂપીયા તા. ૧-૪-૧૯૫૭ થી ૩૧-૩-૧૯૫૮ની પુરી આવક *(Total income)* માં ઉમેરવામાં આવશે નહી, એટલું જ નહી પણ વેરાનો દર નકકી કરવામાં પણ આ રકમ ગણવા માં નહી આવે. એટલે, જો તા. ૧-૪-૧૯૫૭થી ૩૧-૩-૧૯૫૮ સુધી તે વ્યક્તિની બીજી આવક ફકત રૂા. ૧૦૦૦ હોય તે વ્યક્તિ ઉપર ફકત રૂા. ૫૦૦૦ ઉપર રૂા. ૧૦૦૦ લાગતી વેરાનો દરથી વેરો ગણવામાં આવશે.

ભારતમાં પરદેશી આવક લાવવાને દીવસે એક વ્યક્તિ પાસેથી કેવ કરવેરા ની રકમ લેણી નીકળતી હોય અને તે વ્યક્તિ તે દીવસથી ત્રણ મહિનાની અંદર તે કરવેરા ભરી દે તો ભલે તે વ્યક્તિ ભારતમાં આવ્યા ને બે વરસ ની મુદત થઇ ગઇ હોય તો પહેલાંની પરદેશી આવક અમે ત્યારે ભારતમાં લાવવામાં આવે તો કરવેરામાંથી માફ રહેશે. એટલે, ઉપરના દાખલામાં જો તા. ૧૦ મે ૧૯૫૯ને રોજ તે વ્યક્તિ નું કરવેરાનું દેવું રૂા. ૧૦,૦૦૦ હોય અને તે કર તા. ૧૦ ઓગસ્ટ ૧૯૫૯ પહેલાં જ ભરી દે તો, તે વ્યક્તિ પોતાની પહેલાંની પરદેશી આવકમાંથી બીજા ૩ લાખ રૂપીયા તા. ૧૦-૫-૧૯૫૯ને રોજ લાવે તો તેની પુરી આવક *(Total income)*માં ગણવા માં આવશે નહી.

કોઇ ધંધાનું ભંડોળ અમે ત્યારે લાવવામાં આવે તો આવક તરીકે કરપાત્ર થાય નહીં જ.

ચાઉએ આપેલી માછલીઓ ગરમીથી મરી પરવારી

નવી દિલ્હીમાં ચીનના વડા પ્રધાન શ્રી ચાઉ એનુ લાખ્યે વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂને ભેટ આપેલી ૭૦ જાત જાતની રંગની સુંદર બીજીઓ માંથી એક પણ જીવતી રહી શકી નથી. રાષ્ટ્રપતિ ભવનમાં આ માછલીઓને સાચવવામાં આવતી હતી ત્યાં ગરમીને કારણે ઘણા પ્રયાસો છતાં તમામ માછલીઓ મરી પરવારી છે.

ચેરીટી કમિશ્નરનો જુલમ

ગુજરાતના યાત્રાધામ ગણાતા પાવાગઢ પર્વત ઉપર આવેલા શ્રી કાલકા માતાજી તથા ભદ્રકાળી માતાજી વિગે મંદીરોની મિલકત ખાનગી નહિ પણ જાહેર ધર્માદા મિલકતો હોવાનો એક ચુકાદો અત્રેના ચેરીટી કમિશ્નરે આપ્યો છે.

સુકાં અરચાં

આસરે ૩૩ રતલની ગુણી ૩૬-૦, ૧૫ રતલ કોથળીની શી ૧૬-૩, ૬ રતલ કોથળીની શી. ૮-૬. રોકડેથી છે. તેમજ આચાર માટે કાચી કેરી-કાચા મોટા ગુંદા મોટી કલીનું નવું લસણ અને લીલા મરચા. વધુ કરીએ નવેમ્બરથી મળશે. માટે તાકીદે લખો:

MAARMANS PTY LTD.
Box 26, Phone 128,
Brits Transvaal.

ગિનિત જોડણી કોશ

(ગુજરાતી ટુ ગુજરાતી ડીક્શનરી.)
ગુજરાત વિદ્યાપીઠનો – કીંમત ૧૮/- મળવાનું ઠેકાણું: આ ઓફીસ

માથે બાંધવાની રીબન અને વેણીઓ

મખમલ, સાટીન, ટાફેટા સીલ્કની, રીબન અનેક રંગ, ડીઝાઇન અને સાઇઝમાં મળશે, લગ્ન મંડપ અને મોટર શણગારવા માટે જરીયાબંધ રીબનો મળી શકશે.

બચ્ચાં માટે મખમલ, અને રેસમ તથા કેલ્ટની ટોપીઓ ફીકામત ભાવે બનાવી આપવામાં આવશે.

અંબોડે બાંધવા મખમલ, રેસમ, કોટન વિગેરેનાં ફુલોની રંગ રંગની વેણીઓ અને અનેક પ્રકારના ફ્રોચર્સ મળશે.

ઠેકાણું : **માબરો હેટસ (પ્રો.) લી.**
લેડીઝ એન્ડ ચીલ્ડરન્સ હેટ મેન્યુફેકચરર્સ,
ફોન : ૮૩૫-૭૯૮૧ પહેલે માળે,
બોકસ ૫૨૫૭. માસ્ટર મેન્સન્સ
33 વેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ.

મિત્રોને અભિનંદન પાઠવો

દિવાળી અને નુતન વર્ષના પવિત્ર દિવસોમાં સગાં-સ્નેહી, મિત્રોને યાદ કરી શુભ ઇચ્છવું એ સર્વોત્તમ મનુષ્યાચાર છે. એનાથી પ્રેમની વૃદ્ધિ અને સબંધ ની ઘનિષ્ઠતા થાય છે પત્રિકા પોસ્ટથી સૌને પહોંચવું એશકય છે. છાપા દ્વારા સસ્તામાં ને સહેલાયથી થઇ શકે છે.

તા. ૭-૧૧-૫૮ના 'ઇન્ડિયન ઓપિનિયન'ની અને 'ઓપીનીયન'ના અંકોમાં એ માટે ખાસ વિભાગો રાખવામાં આવ્યા છે. આપ આપના એડ્રેસ સાથે માત્ર પા. ૧-૧-૦ મોકલશો તો આપનું નુતન વર્ષાભિનંદન અને શુભ દિવાળી-દિવાળીના દિવસોમાંજ સૌને મળી જશે.

જોહાનીસબર્ગમાં
B. U. MASTER
C/O Mabro Hats (Pty) Ltd.
33 West Street,
JOHANNESBURG.

ઇન્ડિયન ઓપીનીયન
P. Bag,
DURBAN.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

તરતો મેળો

ભારતમાં સૌથી પ્રથમ યોજવામાં આવનારા "ફ્લોટીંગ ફેર" (તરતા આદ્યોગિક મેળા)નું ઉદ્ઘાટન ભારતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂના હસ્તે મુંબઇના બારામાં ડીસેંબર મી તા. ૨૮મીએ થવાનું છે, અને આ "ફ્લોટીંગ ફેર" ૮૧૩૦ ટનના જહાજ "મહમદી" ઉપર રચવામાં આવશે, એવી જાહેરાત ભારતના સંદેશ વ્યવહાર પ્રધાન શ્રી એસ. કે. પાટીલે સાંચવાલયના પત્રકાર ખંડમાં બોલાવાયેલી એક અખબારી પરિષદમાં કરી હતી. "ફ્લોટીંગ ફેર"નું આયોજન સંયુક્ત રીતે ઇન્ડસ્ટ્રીઅલ અને કમર્શ્યલ કમીટીઝ તરફથી થાય છે અને તેની વ્યવસ્થા 'પ્લાનીંગ કમીટી' કરી રહેલ છે. સંદેશ અને વાહન ખાતાના પ્રધાન શ્રી એસ. કે. પાટીલ આ સમીતીના અધ્યક્ષ છે.

આ "ફ્લોટીંગ ફેર" (તરતો ઔદ્યોગીક મેળો) મુંબઇથી ઇરાની અખાત, રાતો સમુદ્ર, પુર્વ આફ્રિકા કીનારો, સીલોન અને જાપાનનાં બંદરોની મુલાકાત લેશે. તા. ૨૮મી ડીસેંબરે મુંબઇથી એનો પ્રારંભ થઇને આશરે ૧૦૦ દિવસ સુધી એનો દરીયાઇ પ્રવાસ ચાલશે.

—પાકીસ્તાની સીંચીબાઓની એક ટોળકી કચ્છના કીનારા પર આવેલા એક ગામમાંથી ૫૦ ભાસેને ઉંઠારી ગઇ હતી.

બુકકીપીંગ, ઇનકમ ટેકસ રીટર્ન્સ, લાઇસેન્સીંગ, રેવન્યુ સ્ટેમ્પ્સ અને ઇનસ્યોરન્સ માટે મળો :

આર. વીઠ્ઠલ

૧૨ બાર્કલી આર્કેડ, ૩૮ માર્કેટ સ્ટ્રીટ, કોરનર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ, ફોન ૩૩-૧૬૫૪.

માસ્ટર પ્રેસર્સ (પ્રા.) લીમીટેડ

જત જતનાં નાયલન, રેયન તેમજ સુતરાઉ કાપડ, સ્ત્રીઓ બાળકો અને પુરૂષો માટે ઉત્તમ જતના વુલન જર્સી, પુલોવર, કારડીગન્સ અને બચ્ચાઓ માટે—બુટીઝ, બીબ્સ, બ્લેન્કેટસ, શોલ્સ; નેપકીન્સ વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા પધારશો.

૩૩ વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન : ૮૩૫-૬૭૮૬ — બોકસ ૧૫૪૯.

હિંદ અને પરદેશના ડાયરેકટ ઈમ્પોર્ટર્સ

જથ્થાબંધ ને હોલસેલ

અગરબત્તી

હીંદથી : "રૂબીમર બ્રેન્ડ" નંબર R૪૪૪ ૮–૧; ગ્રિ રોઝસ" નં. ૬૦૬ ૬ તોલા ૧૫–૦; "ગેટવેય ઓફ ઈન્ડિયા" નં. ૫૨૧, ૩ તોલા ૪૨–૦; ૬ તોલા ૬૬–૦; "વાસંતી" (દરેક પેકેટમાં અત્તરની બાટલી) ૧ તોલા ૮–૬; ૨ તોલા ૧૭–૦; ૩ તોલા ૨૬–૬; ૪ તોલા ૪૦–૦, ૬ તોલા ૫૦–૦; "ચમેલી" ૨ તોલા ૬–૬; "સુગંધ રાણી" ૧ તોલા ૧–૦; ૨ તોલા ૬–૬; "લક્ષ્મી અગરબત્તી" ૪ તોલા ૪૦–૦; ૬ તોલા ૫૫– .

પાકીસ્તાનથી : "રૂબીમર બ્રેન્ડ" નં. R૪૪૪ ૧–૦; "ગ્રિ રોઝસ" નં. ૬૦૬ ૩ તોલા ૩૧–૦; ગેટ વેય ઓફ ઈન્ડિયા" નં. ૫૨૧ ૩ તોલા ૩૬–૬; ૬ તોલા ૮૧–૬; "ચમેલી" ૨ તોલા ૧૫–૬; "બીલાડ" નં. ૬૬૬ ૩ તોલા ૨૬–૬; ૪ તોલા ૩૩–૬; "કેપ્ટન" ૩ તોલા ૨૩–૦.

ઉપર જણાવેલા અગરબત્તીના ભાવો, ડઝનના હિસાબે છે. ઓર્ડરની સાથે મહેરબાની કરીને રોકડા મોકલશો.

કેરમ બોર્ડસ

હીંદથી : (બધા વરસોની મહેનત બાદ અમારા સ્ટોકમાં નવો દમેરો)

'એ' ક્વોલીટી નાના બોર્ડર સાથે પા. ૬–૫–૦.

"બી" ક્વોલીટી બાતળા બોર્ડર સાથે પા. ૫–૧૫–૦.

ઉપર જણાવેલા સાથે વધુમાં પાંચ બધારે રમતો પણ મળશે. કેરમનો બોર્ડ બહુ સુંદર અને પોલીષ કરેલો છે.

પાકીસ્તાનથી : "રતન કુમિન" (છેલ્લા દસ વરસથી પ્રખ્યાત) પા. ૫–૫–૦. "નિકલ કોર્નર" (ઉપર મુજબ) પા. ૪–૧૫–૦.

(આ કેરમ બોર્ડસ સાથે સ્ટ્રાઈકર તથા તેની પુકરીઓ તથા રમત કેવી રીતે રમાય છે, એની સુચનાઓ સાથે આવે છે).

ધરાકોને ખાસ ભાવ આપવામાં આવશે, કેરમ બોર્ડસ ઉપર પૈસા બરનારને, ખાસ ભાવ ઉપર ૫ ટકા ઓછા કરવામાં આવશે.

અપ કન્ટ્રીના ઓર્ડરમાં રેલ્વે વગ્યા મેન્સ એકસચેન્જ મોકલવી.

અમારા સ્ટોકમાં હમેશા આવતો માલ : નાળીયર, સુકકા પેનજ, લસણ, કપુર, બોએ ડક, ગ્રેમ. બી. નટસ, આમલી, મસુર, કેરમ બોર્ડ, અગરબત્તી, સુકકી દ્રાક્ષ વિગેરે વિગેરે. વેપાર અંગે ખાસ તપાસને ધ્યાન આપવામાં આવશે.

અમારી સાથે વેપાર કરી શકો તો બીનગ્રેા પાસે જવાની શું જરૂર છે? (અમે ડાયરેકટ ઈમ્પોર્ટર્સ અને જનરલ મર્ચન્ટ છીએ).

A. K. HOOSEN & SONS
116 Queen Street, Phone : 27349.
Box 2168, DURBAN,

શ્રીમતી તહેમી સોરાબજી રૂસ્તમજી

જણાવતા આનંદ થાય છે કે તેઓ

નેશનલ મ્યુચ્યુઅલ લાઈફ એસોસીએશન ઓફ ઓસ્ટ્રેલેશીયા લીમીટેડ

સ્થાપના ૧૮૬૯ વિકટોરીયા, ઓસ્ટ્રેલીયા

— ના —

પ્રતિનીધી નિમાયા છે

નેશનલ મ્યુચ્યુઅલનો જીંદગીનો વિમો એ ખરી બાંયધરી છે.

વધુ વિગત માટે લખો યા મળો :

૧૦૬ મેન્સફીલ્ડ રોડ, — ડરબન.

બોકસ ૪૭૬, ટેલીફોન : ૪૭૮૮૮
ટેલીગ્રામ—કેબલ "સોરાબટેમ" ૪૭૪૫૩

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

લગ્ન પ્રસંગો માટે

અમને મળો.

સુરતી જમણના | અમે સ્પેશ્યલીસ્ટ છીએ.

શ્રી કેપીટનની અંગત દેખરેખ નીચે | યુનીયનના અને રોડેસીયાના કોઈ પણ બાબતમાં તમારે મુકામે આવી રસોઈ કરવાનો અમે બન્દોબસ્ત કરીશું.

કેપીટન્સ બાલ્કની હોટેલ

(ધી કોર્નર મીઠાઈ હાઉસ)

ગ્રે અને વિક્ટોરીયા સ્ટ્રીટના ખુણાપર – ડરબન.

ફોન નંબર ૨૩૪૧૪ ટેલીગ્રામ: KAPITAN.

ધીરૂભાઈ પી. નાયક

બુકકીપર, મુસાફરી, વીમાનાં અને જનરલ એજન્ટ

હીંદુસ્તાન અગર દુનીયાના કોઈ પણ ભાગની હવાઈ દરિયાઈ અગર જમીન માર્ગે મુસાફરી કરવા પેર અહીં અમારી મારફતે બુકીંગ કરો.

આંધી, આગ, ચોરી, હુલ્લડ, અકસ્માત, પ્લેટગ્લાસ, વિગેરેના વીમા અમે ઉતરાવી આપીએ છીએ.

ઈન્કમટેક્સ, પરસનલ ટેક્સ, હિસાબના ચોપડા લખાવવા રેવન્યુ સ્ટીયરન્સ સર્ટીફીકેટ કે વેપારના લાયસેન્સો. પાસપોર્ટ તેમજ ઈમીગ્રેશનને લગતી બાબતોમાં હંમેશ પણ ફી લીધા વિના અમે મફત સલાહ આપીએ છીએ.

નેશનલ મ્યુચ્યુઅલ લાઈફ એસોસીએશન ઓફ ઓસ્ટ્રેલીયા અને યોર્કશાયર ઈનશ્યુરન્સ કંપની લીમીટેડના પ્રતિનિધિ.

Phone : 33-9033. 26 Barkly Arcade,
Cor. 38, Market & Diagonal St., J'BURG.

તાજું ઉમદા ફ્રૂટ

આંબા અલ્ફન્સ, લીલી અળદ, રતાળ અને સુરણની ગ્રાસમ બાલુ છે. આદુ પેની ૧૦ રતલ, લસણ શી. ૧–૬ રતલ.
પાપડ નંબર ૧ શી. ૧૦, નંબર ૨ શી. ૮ ૧૦૦

કપુરી અને ગ્રેનથી પાન બનર બાંધ, પોસ્ટેજ જુદું. બાસ્કીટ ગોલ શી. ૧૦–૬ લાંબી અને ૨૬ર બાસ્કીટ શી. ૧૬–૬ ડઝન.

રોડેસીયા, ન્યાસાલેન્ડ અને બેલ્જીયન કોંગોના ઓરડરો ઉપર પુરતું ધ્યાન આપી કોઈ પણ વસ્તુ પરમીટ બદાવી મોકલશું.

All prices subject to Market fluctuations.

A. KADER & Co., (PTY) LTD.

WHOLESALE FRUIT MERCHANTS
P. O. Box 251. DURBAN.

ફરનીચર! ફરનીચર!! ફરનીચર!!!

બેડરૂમ સુટ, ડાઈનીંગરૂમ સુટ, વોર્ડરોબ, ડ્રેસીંગ ચેસ્ટ, સાઈડ બોર્ડ ઓફીસ ડેસ્ક, બુક કેસ, ટેબલ, તદન કીફાયત આવે ખરીદી શકશો. જાતે પધારી લાભ લેવા ચુકશો નહિ.

—ઓફીસ, ટેબલ અને કીચન ડ્રેસર—

ને હમારી દેખરેખ નીચે તૈયાર થાય છે. તેનો સ્ટોક હમેશાં તૈયાર રહે છે. માત્ર રોકડા ભાવોના પ્રાઈસ લીસ્ટ મંગાવો અને વેપાર આગલ વધારો.

L. MISTRY

51 BREE STREET, BURGERSDORP. J'BURG.
PHONE 33-4691. BOX 2626.

હીંદની મોટામાં મોટી વિમાની કમ્પની તમારી સેવામાં

—ધી—

ન્યુ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ

કંપની લીમીટેડ

સાઉથ આફ્રિકાના એકજ મુખ્ય પ્રતિનિધિ

રૂસ્તમજી જલભાઈ રૂસ્તમજી

૧૪૦ કવીન સ્ટ્રીટ,

ડરબન – નાટાલ.

સેવા અને નિર્ભયતા

માટે અમને મળો.

બધી જાતના વિમાઓ અમે ઉતારીએ છીએ.

પી. ઓ. બોક્સ ૧૬૧૦.
રેસીડેન્સ : ૧૧૧ પ્લેવન્થ એવન્યુ,
ડરબન.

ટેલીફોન્સ:
ઓફીસ : ૨૫૮૪૫
રેસીડેન્સ : ૪૬૪૧૬.

Printed And Published by Mrs. Sushila Gandhi, International Printing Press, (Phoenix) Private Bag, Durban, Natal.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor